# ઈમામે હક્ક અને એક નાનું પંખી

અલ્લાહતઆલાએ તેની દાઅવતને આ દુનિયાની તમામ ચીઝો ઉપર પૈશ કીધી છે, પછી તે ઈન્સાન હોય યા હયવાન, દરખ્ત હોય યા દરિયા, પહાડ હોય યા પત્થર, હવા હોય યા પાની, સૂરજ હોય યા ચાંદ; નબી-વસી-ઈમામના ઝરીએ અલ્લાહ આ દાઅવતને કાઈમ કરે છે અને આ જહાનની તમામે તમામ ચીઝોના ઈલ્મનો હેસાર-ઘેરાવ ઝમાનાના ઈમામમાં કરી દે છે, એમના સીનામાં હર ચીઝના ઝાહિર-બાતિનના ઈલ્મને ભરી દે છે. એ વાત હક્ક છે કે, અલ્લાહે હર નબી-વસીને ઈન્સાની કાલિબમાં આદમીની શિક્લો સૂરતમાં ઈન્સાનની હિદાયત વાસ્તે મોકલા; મગર અલ્લાહે આ સાહબોને એ તાકત-કુવત બખ્શી હતી કે **ઇન્સાન સિવાય પણ તેઓ અલ્લાહની બીજી મખ્લૂકાતના હાલાતને જાણી શકતા હતા** અને તેના દરમિયાન સચ્ચાઈને સાબિત કરી શકતા હતા.

ઈમામે આલે મોહંમદ (સ.અ.) ના ચોથા ઈમામે ફાતેમી મૌલાના મોહંમદુલ બાકિર (અ.સ.) ફરમાવે છે કે, અલ્લાહે હમને હરએક જાનવરની ઝબાન શીખાવી છે. હમેં હર મખ્લૂક વાસ્તે અદલો ઈન્સાફ કાઈમ કરી શકીએ છીએ. એક મરતબા આપ ઈમામને નઝદીક વારશાન પંખીનું જોડકું વાકેઅ થયું. આ ચકલા-ચકલીનું જોડકું બેહદ ખૂબસૂરત અને નાઝૂક હતું. ઈમામે જોયું કે, તેઓ બેવે આપસમાં કઈ બોલી રહ્યા છે. આપે પણ એમની વાત પર કઈ કલેમાત ફરમાવા. તે પછી એ બેવે ઉડીને પાસે એક ઊંચી દીવાર પર જઈને બેસા અને દોબારહ કઈ બોલા.

જેટલા સાહબો ત્યાં હાઝિર હતા તેઓએ આ બાબત ઈમામ આલી મકામને સવાલ કીધો તો આપે ફરમાવું કે, **તમામ જાનવરો, પછી તે પરિંદા હોય યા ચરિંદા હોય યા દરિંદા હોય, હમારા ફરમાઁબરદાર હોય છે.** તમેં જે બાબત મને સવાલ કીધો તેમાં હકીકત એમ છે કે, આ ચકલાએ એની ચકલી ઉપર ઈલ્ઝામ લગાવો અને ચકલીએ મારા કસમ ખાઈને પોતે બેકુસૂર છે એની હુજ્જત-દલીલ પૈશ કીધી. આ દલીલ પર ચકલો બોલો કે, આ સાહબ મોહંમદ ઈબ્ને અલી જે કહેશે તે તું માનશે ? ચકલીએ કહ્યું, ઝરૂર માનીશ ! પછી મેં એ બેવેને જવાબ આપો અને ઈન્સાફ કાઈમ કીધો કે, ચકલાએ જે ઈલ્ઝામ ચકલી પર લગાવો છે તે સરાસર ગલત છે. આ ઈલ્ઝામ લગાવીને ચકલાએ ઝુલ્મ કીધો છે. ચકલાએ પોતાની ગલતી કુબૂલ કીધી અને મારા ફેસલાથી રાઝી થઈ ગયો.

હકીકતન ઈમામે આલે મુસ્તફા (સ.અ.વ.વ.) કુલ જહાનના મુશ્કિલકુશા અને હાદી છે.

★